મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

કોરોના ઈફેકટ : શહેરના રસ્તા સુમસામ

શહેરીજનો કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે : અમુક પ્રાઈવેટ સેકટમાં વર્ક ફ્રોમ હોમ જાહેર કરાયા

ગાંધીનગર, તા.૧૮

દેશભરમાં કોરોના ઈફેકટ વર્તાઈ રહી છે ત્યારે ગુજરાતમાં પણ કોરોના વાયરસને લઈને આરોગ્ય વિભાગ દ્વારા કડક કાયદા અમલમાં મુકવા જણાવાયું છે. ગુજરાત સરકારના નિયમાનુસાર શહેરમાં જીમ, થિએટર, શાળા-કોલેજ અને મંદિરોમાં રજા સાથે જાહેર કાર્યક્રમોના આયોજન પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. આ દરેક પરિસ્થિતિ વચ્ચે શહેરના મોલ, સેકટરોના શોપિંગ સેન્ટર સાથે રેસ્ટોરન્ટ ખુલ્લા જોવા મળી રહ્યા છે પરંતુ આ તમામ જગ્યાએ નહિવત ભીડ જોવા મળી રહી છે.

નગરમાં કોરોના વાયરસનો ડર નગરજનોને સતાવી રહ્યો છે ત્યારે કામ વગર તેઓ ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શાળા-કોલેજ, શોપિંગ મોલ, થિએટર, જીમ દરેકને બંધ રાખવા જણાવાયું છે. પરંતુ શોપિંગ મોલ ધારકો

દ્વારા મોલને ખુલ્લા રખાયા છે સાથે સેકટરના શોપિંગ સેન્ટર પણ ખુલ્લા છે. શહેરના મંદિરોમાં પ્રદર્શનો તથા કાર્યક્રમો બંધ રખાયા છે. મંદિરમાં દર્શન ખુલ્લા રખાયા છે પરંતુ શહેરના શાકમાર્કેટથી લઈ કોઈ પણ જાહેર સ્થળોએ પણ શહેરીજનો કામ વગર મુલાકાત લેવાનું ટાળી રહ્યા છે.

સચિવાલય તથા બીજી સરકારી ઓફિસના કર્મચારીઓના આવન-જાવન સિવાય રસ્તા પર ટ્રાફિકનો દર પણ ઘટી ગયો છે. શોપિંગ મોલ ખુલ્લા હોવા છતાં ત્યાં શહેરીજનોની હાજરી જણાતી નથી શહેરના શોપિંગ સેન્ટરની દુકાનોમાં પણ ગ્રાહકોની અવરજવર ઓછી જણાઈ રહી છે. સવાર અને સાંજે ફકત દૂધ ખરીદવાની માંગ જણાય છે. શાક અને ફુટ લેવા માર્કેટમાં જવાને બદલે ઘર પાસે આવતા કે મળતા શાકભાજીવાળા પાસેથી શાક લેવાનું નગરજનો પસંદ કરી રહ્યા છે. શહેરની રેસ્ટોરન્ટમાં પણ ગ્રાહકોની ખોટ વર્તાઈ રહી છે. મોટાભાગના રસ્ટોરન્ટમાં ભીડનું પ્રમાણ પચાસ ટકા ઘટી ગયું છે. દરરોજ દેખાતા ટ્રાફિકના સમયમાં પણ હવે શહેરના રસ્તા ખાલી દેખાય છે. અમુક પ્રાઈવેટ ઓફિસમાં વર્ક ફ્રોમ હોમ જાહેર કરી દેવામાં આવ્યું છે. આમ, શહેરીજનોમાં કોરોનાને લીધે ફફડાટ જોવા મળી રહ્યો છે. નગરજનો મોટભાગનો સમય પોત પોતાના ઘરમાં જ પસાર કરી રહ્યા છે.

કોરોના વાઈરસને પગલે 'હેપ્પી ચકલી ઘર'ના વિતરણનો કાર્યક્રમ મુલતવી

ગાંધીનગરમાં 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી પ્રતિકાત્મક રીતે કરવામાં આવશે : 'હેપ્પી સ્પેરો વિક'ની ઉજવણી એપ્રિલ માસમાં કરાશે જેનો તારીખવાર કાર્યક્રમ પછીથી જાહેર કરાશે

ગાંધીનગર, તા.૧૮

નોવેલ કોરોના વાઈરસને પગલે ગુજરાત સરકાર દ્વારા તમામ પ્રકારના મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેને પગલે ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને તા. ૧૯ માર્ચથી યોજાનાર હેપ્પી યુથ ક્લબના "હેપ્પી સ્પેરો વીક"ની ઉજવણીને હાલ પૂરતી મુલતવી રાખવામા આવી છે. ગાંધીનગરમાં છેલ્લા ૯ વર્ષથી ચકલી-ઘરનું વિતરણ કરતાં અને "હેપ્પી સ્પેરો વીક"ના પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણાએ જણાવ્યુ છે કે આ વર્ષે તા.૨૦મી માર્ચના રોજ શહેરના કેટલાક વિસ્તારમાં હેપ્પી ચકલી ઘરનું વ્યકિતગત ધોરણે વિતરણ કરી "વિશ્વ ચકલી દિવસ"ની પ્રતિકાત્મક રીતે ઉજવણી કરવામાં આવશે.

રાજુભાઈ મકવાણાએ વધુમાં જણાવ્યુ છે કે "આશરે ૯ વર્ષ પૂર્વે તેમના ઘરે માળો બનાવવા કાર્યરત એક ચકલી અકસ્માતે પંખામાં આવી જતાં કરૂણ મોતને ભેટી હતી. આ ઘટનાએ મારા હૃદયને હચમચાવી મૂક્યું હતું ત્યારથી મે નક્કી કર્યું હતું કે હું ચકલી કે તેના જેવા નાના કદના પંખીઓના સલામત વસવાટ માટે મારાથી બનતા પ્રયત્નો કરીશ. બસ ત્યારથી હું દર વર્ષે વિશ્વ ચકલી દિવસે "ચકલી-ઘર"નું વિના મૂલ્યે વિતરણ કરું છુ. છેલ્લા ત્રણ વર્ષથી હું હેપ્પી યુથ ક્લબ સાથે જોડાઈને અમે આખું "હેપ્પી સ્પેરો વીક" ઉજવીએ છીએ જેનો મને અત્યંત આનંદ છે. હેપ્પી યુથ ક્લબ ગાંધીનગરમાં પર્યાવરણની જાગૃતિ અંગે કાર્યરત છે અને "હેપ્પી સ્પેરો વીક" દ્વારા માત્ર ચકલી-ઘરનું વિતરણ જ નથી કરાતું બલ્કે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પીવાના પાણીની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે જે ઉમદા અને પ્રસંશનીય કાર્ય છે. આ વર્ષે કોરોના વાઈરસના સંક્રમણને પગલે "હેપ્પી સ્પેરો વિક"ની ઉજવણીને હાલ પૂરતી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેની હવે એપ્રિલ માસમાં ઉજવણી કરાશે જેનો તારીખવાર કાર્યક્રમ પછીથી જાહેર કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે "હેપ્પી સ્પેરો વીક" દરમ્યાન પાંચ હજાર હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ અને ૫૦૦ જેટલી પક્ષી પરબોનું વિવિધ સ્થળે સ્થાપન કરવામાં આવનાર છે.

પ્લાસ્ટીક મુકત ગુજરાત ભલે જાહેર કરાયું હોય પરંતુ હજુ આપણે ત્યાં પ્લાસ્ટીકની ઝબલા થેલીઓનો ઉપયોગ વિના રોકટોક થઈ રહ્યો છે. મનપાએ પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ અટકાવવા લારી ગલ્લા પરથી તેને જપ્ત કરી દંડની વસૂલાત કરી હતી.

રામનવમીએ પાટનગરમાં ભવ્ય 'શ્રી રામ રથયાત્રા' યોજાશે

શ્રી રામ જન્મભૂમિ મંદિરના ચુકાદાના સંદર્ભે કરાયેલું આયોજન : શ્રી રામકથાનો પ્રારંભ સવારે ૯ કલાકે સે-૨૧થી કરાશે : સાંજે ૭ કલાકે સે-૭માં ભારતમાતાના મંદિરે સમાપન : શહેરના રાજમાર્ગો પર રામ ભકિતનો માહોલ છવાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં આગામી તા. ૨જી એપ્રિલ ગુરુવારના રોજ રામ નવમીના પવિત્ર પર્વ નિમિત્તે ભવ્ય રામ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદ સંલગ્ન બજરંગ દળ ગાંધીનગર તથા શ્રી રામનવમી રથયાત્રા સમિતિ દ્વારા આયોજિત આ ભવ્ય રામ રથયાત્રાનો સેકટર-૨૧માં રાજ રાજેશ્વર મહાદેવના મંદિરેથી સવારે ૯ કલાકે પ્રારંભ થશે જે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને સાંજે ૭ કલાકે સેકટર-૭માં ભારતમાતાના મંદિરે સમાપન પામશે.

અયોધ્યા ખાતે શ્રી રામ જન્મભૂમિ મંદિર અંગે ચાલી રહેલા વિવાદનો ૪૯૨ વર્ષના અંતે સુપ્રિમ કોર્ટના ચુકાદાથી અંત આવ્યો છે અને સુપ્રિમ કોર્ટનો નિર્ણય શ્રી રામ જન્મભૂમિની તરફેણમાં આવ્યો હોવાથી દેશભરમાં આનંદનો માહોલ પ્રવર્તી રહ્યો છે. આ કાનુની વિષયને અનુલક્ષીને આ વર્ષે રામનવમીના શુભ દિવસે પાટનગરમાં ભવ્ય શ્રી રામરથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ સેકટર-૨૧માંથી સવારે ૯ કલાકે રાજ રાજેશ્વર મહાદેવના મંદિરેથી થશે. શ્રી રામ રથયાત્રા બપોરે ૧ કલાકે સેકટર-૨૫માં સંતોષી માતાના મંદિર ભોજન વિરામ માટે રોકાશે ત્યાર બાદ ફરી આગળ વધશે અને સાંજે ૭ કલાકે સેકટર-૭માં ભારતમાતા મંદિરે સમાપન પામશે. આ રથયાત્રામાં શહેરના તથા આસપાસના વિસ્તારની ધર્મપ્રેમી જનતાને જોડાવા આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી રામ રથયાત્રાનો રૂટ

- સવારે ૯ કલાકે - સે-૨૧ રાજરાજેશ્વર મહાદેવ
- સવારે ૯.૩૦ કલાકે - સે-૨૨ પંચદેવ મંદિર
- સવારે ૧૦.૦૦ કલાકે - સે-૨૨ શોપીંગ સેન્ટર
- સવારે ૧૦.૩૦ કલાકે સે-૨૯ જલારામ મંદિર
- સવારે ૧૧.૦૦ કલાકે - સે-૨૮ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર
- સવારે ૧૧.૩૦ કલાકે - સે-૨૭ ડીએસપી કચેરી
- સવારે ૧૧.૪૫ કલાકે - સે-૨૭ ડીએસપી કચેરી
- બપોરે ૧૨.૦૦ કલાકે - સે-૨૬ નવરાત્રી ચોક
- બપોરે ૧૨.૩૦ કલાકે - સે-૨૬ જે.પી. ચોક
- બપોરે ૧.૦૦ કલાકે - સે-૨૫ સંતોષીમાતા મંદિર (ભોજનવિરામ)
- બપોરે ૨.૦૦ કલાકે - સે-૨૪ પીળો પટ્ટો
- બપોરે ૨.૧૫ કલાકે - સે-૨૪ હનુમાન મંદિર
- બપોરે ૨.૩૦ કલાકે - સે-૨૪ ઈન્દિરાનગર
- બપોરે ૩.૦૦ કલાકે - સે-૧૫ આઈટીઆઈ ફતેપુરા
- બપોરે ૩.૩૦ કલાકે - સે-૧૪ શોપીંગ સેન્ટર-મહાત્મા મંદિર
- બપોરે ૪.૦૦ કલાકે - સે-૧૪ જય અંબે પરિવાર
- બપોરે ૪.૧૫ કલાકે- સે-૫ શિવશકિત મંદિર
- બપોરે ૪.૫૦ કલાકે - સે-૪ ગોગા મહારાજ મંદિર
- સાંજે ૫.૦૦ કલાકે - સે-૪ હનુમાનજી મંદિર
- સાંજે ૫.૩૦ કલાકે - સે-૪ ઓમકારેશ્વર મંદિર
- સાંજે ૬.૦૦ કલાકે - સે-૩ અંબાજી માતા મંદિર
- સાંજે ૬.૧૫ કલાકે - સે-૨ મહુડી મંદિર
- સાંજે ૭.૦૦ કલાકે - સે-૭ ભારતમાતા મંદિર (સમાપન)

ગાંધીનગર મહાનગરપાલિકા શહેરી બસ સેવાના ડ્રાઈવરો ટ્રાફિકના નિયમો પાળવામાં ઉણાં ઉતરે છે. સીટ બેલ્ટ બાંધવું ફરજીયાત છે પરંતુ સઘન ચેકીંગના અભાવે ડ્રાઈવરો સીટ બેલ્ટ બાંધ્યા વિના બિન્દાસ્ત રીતે બસ ચલાવે છે.

સેકટર-૨૫ અપહરણ કેસમાં વધુ એકની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ચકચારી અપહરણ કેસમાં વધુ એક આરોપીને ભાવનગરથી સેકટર-૨૧ પોલીસે દબોચી લીધો છે. પોલીસે અપહરણમાં સામેલ ભરત જીણાભાઈ જમોડને પોલીસે ભાવનગરના કુંભારવાડા સ્થિત ગોપાલ સોસાયટી ખાતે થી પકડી પાડ્યો છે. પોલીસે તેને કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના ૨૪મી સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. પોલીસે આરોપીઓની ઉંડાણપૂર્વક પુછતાછ શરુ કરી છે. તો બીજીતરફ અપહરણમાં ઉપયોગમાં લેવાયેલી કાર બાવળા પાસેથી બિનવારસી હાલતમાં પોલીસને મળી આવી હતી.

સે-૭-ડી ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ, સે-૭-ડીની કાર્યવાહક સમિતિની તાજેતરમાં સંયુકત સામાન્યસભા પ્રમુખ સુમંતભાઈ એમ. શાહના અધ્યક્ષપદે તેમના નિવાસસ્થાને મળી હતી.

આ સંયુકત સામાન્ય સભામાં દૃષ્ટાંત-સિધ્ધાંત-પુસ્તકમાંથી સર્વોત્તમ જીવનનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્રણ નિવૃત્ત વડીલ સભ્યોના ધર્મપત્નિના જીવાત્માની પરમ શાંતિ અર્થે મૌન-પ્રાર્થના કરી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. આ ઉપરાંત વરિષ્ટ સભ્ય કાંતિભાઈ આર. પટેલના જન્મદિન નિમિત્તે તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ સંસ્થાના પ્રમુખ સુમંતભાઈ દ્વારા થયેલ કાર્યવાહીની વિગતોની સમીક્ષા કરતા જણાવવામાં આવ્યું હતું કે ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ, સે-૭-ડી દ્વારા કેન્દ્રીય ધોરણે તબીબી રાહત માસિક રૂ. ૧૦૦૦ કરવા તેમજ સાતમા પગારપંચ અન્વયે ગુજરાત સરકારના પેન્શનરોને સુસંગત સર્વાંગીય ઠરાવ પેમેટ્રીકસ મુજબ સ્ટેજ ટુ સ્ટેજ પગાર ફીકસ કરી પગારપંચના વિકલ્પના મુજબ પેન્શન રિવાઈઝ કરવા અંગેનો ઓપ્શન સ્વિકારી ઠરાવ કરવા માહે નવેમ્બર ૨૦૧૯માં વિગતવાર દરખાસ્ત અગાઉ મુખ્યમંત્રીજીને કરવામાં આવી હતી તે સંદર્ભમાં અનુવર્તી કાર્યવાહી અર્થે અધિક મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી હતી. આ બંને બાબતો પરત્વે નાણાં વિભાગ સત્વરે કાર્યવાહી કરે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૧-૯-૨૦૧૯થી મળવાપાત્ર મોઘવારી રાહતનો તફાવત તેમજ તા. ૧-૧-૨૦૨૦થી કેન્દ્ર સરકારે મોંઘવારી રાહતમાં ચાર ટકાના વધારાનો ઠરાવ કર્યો છે તે મુજબ ગુજરાત સરકાર સત્વરે આદેશ કરે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.

કોરોના ઈફેકટ : તા.૨૯મી પછીના સમારંભોના આયોજકો અવઢવમાં...!!

તા. ૨૯ માર્ચ પછીના સમારંભનું આયોજન યથાવત રાખવું કે રદ કરવું? : ગરમી વધતા વાઈરસની અસર ઘટશે તે બાબત કેટલી સાચી ? અન્ય દેશોની માફક ત્રીજા તબક્કામાં વાઈરસનું જોર વધી જવાની પેટર્ન અહીં પણ સાચી પડે તો??

ગાંધીનગર, તા.૧૮

વિશ્વભરમાં પ્રસરેલા કોરોનાના કહેરની અસર ગાંધીનગર સુધી વર્તાઈ રહી છે. ગુજરાતમાં રાજય સરકાર દ્વારા શાળા-કોલેજો, મોલ-મલ્ટિપ્લેકસ તેમજ સામાજિક-ધાર્મિક મેળાવડા વગેરે પર પ્રતિબંધ મુકી દેતાં નાગરિકોમાં ચિંતાનો માહોલ પ્રવર્તી રહ્યો છે. આ સ્થિતિમાં શહેરમાં અનેક કાર્યક્રમો સમારંભો રદ થઈ રહ્યા છે. પરંતુ સૌથી કફોડી પરિસ્થિતિ તા. ૨૯ માર્ચ પછીની તારીખોમાં કરવામાં આવેલા આયોજનોના આયોજકોની છે જેઓ તેમનો કાર્યક્રમ ચાલુ રાખવો કે મુલત્વી તે અંગે ભારે દ્વિધા અનુભવી રહ્યા છે.

શહેરમાં તા. ૨૯મી માર્ચ સુધી રાજય સરકારના આદેશ મુજબ કોઈ પણ સમારંભ-કાર્યક્રમ કે મેળાવડાના આયોજન પર પ્રતિબંધ મુકાયો હોવાથી આ ગાળા દરમિયાન યોજાનાર લગ્ન પ્રસંગો સુધ્ધાં કેન્સલ કરવા પડયાં છે અનેક ધાર્મિક તથા શુભ પ્રસંગોની ઉજવણી ટાળવામાં આવી રહી છે. એક તરફ કેટલાક વર્ગનું માનવું છે કે આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ વધશે જેના કારણે કોરોના વાઈરસની અસર નાબુદ થઈ જશે જેથી ગુજરાત માટે બહું ચિંતાનું કારણ નથી અને જો એવું થાય તો હાલ જે સરકારે તા. ૨૯ માર્ચ સુધીનો પ્રતિબંધ મુકયો છે તેને આગળ વધારવાની તો જરૂર નહી પડે પરંતુ શકય છે કે તેને વચ્ચેથી ટુંકાવી દેવામાં પણ આવે. જો કે, ઓસ્ટ્રેલિયાથી માંડીને કેરળ સુધીના કેટલાંક કિસ્સામાં ગરમીના માહોલમાં પણ કોરોનાના કેસ જોવા મળ્યા છે તેથી આ બાબતે કેટલો ભરોસો મુકવો તે પણ સ્પષ્ટ જણાતું નથી, વળી, કોરોના વાઈરસનું સંક્રમણ અત્યાર સુધીમાં જે દેશોમાં થયું છે તેની પેટર્ન જુઓ તો ખ્યાલ આવે છે કે આ વાઈરસની બીજા સ્ટેજમાં અસર વધી છે અને ત્રીજા સ્ટેજમાં તે કાબુ બહાર જતો રહે તેવી પરિસ્થિતિ સર્જાય છે. હવે કેટલાક વર્ગના મતે ભારતમાં બે સ્ટેજ સુધી હજુ આ વાઈરસ કાબુમાં રહેવા પામ્યો છે પરંતુ હવે ખરી કસોટી ત્રીજા સ્ટેજમાં છે જેમાં જો તે મોટા પ્રમાણમાં તેની અસર દેખાડે તો સમગ્ર વ્યવસ્થા ને માહોલમાં અફરાતફરી મચી શકે છે અને આ સમય જ સરકારથી માંડીને સામાન્ય માનવી સુધી ખરી કસોટીનો સમય રહેશે. અત્યાર સુધી તો સરકારી તંત્ર આ બાબતે ખૂબ એલર્ટ રહ્યું છે પરંતુ જો અન્ય દેશો જેવી પરિસ્થિતિ સર્જાય તો ખરેખર તેને નિયંત્રિત કરવા તંત્ર કેટલું સજ્જ છે તેની તે સમયે જ ખબર પડશે. આ સ્થિતિમાં તા. ૨૯મી માર્ચ પછી યોજાનાર ધાર્મિક-સામાજિક-શૈક્ષણિક કે અન્ય ખાનગી અને જાહેર શુભ પ્રસંગો-સમારંભોના આયોજકો હાલ તો ભારે અવઢવની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. જેમાં કેટલાક આયોજનોમાં હોલ કે ગ્રાઉન્ડ અથવા પાર્ટીપ્લોટના બુકિંગથી માંડીને આયોજન વિષયક અન્ય ખર્ચા અને રોકાણો કરવામાં આવેલા છે જેનું નુકશાન પડે તેવી સ્થિતિ છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

અંગ્રેઝી મીડિયમ
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫

બ્લડ શૂટ
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫

બાઘી-૩
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫

થપ્પડ
૭.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦

શુભ મંગલ ઝ્યાદા સાવધાન
૧.૪૦

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

અંગ્રેઝી મીડિયમ
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫

બાગી-૩
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧.૧૦, ૭.૩૦

બ્લડ શુટ
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સિટી પલ્સ, કુડાસણ

અંગ્રેઝી મીડિયમ
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બ્લડ શૂટ - ૧૦.૧૫, ૧૨.૩૦, ૫.૩૦, ૭.૪૫

બાઘી-૩
૨.૪૫, ૬.૩૦, ૧૦.૦૦

થપ્પડ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૭.૦૦

ઝુલેલાલ મંદિરમાં ચેટીચાંદ ઉત્સવ અને લંગરનો કાર્યક્રમ રદ

ગાંધીનગર, તા.૧૮

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને ઝુલેલાલ મંદિર સેકટર-૩૦ ગાંધીનગર ખાતે તા. ૨૫મી માર્ચના રોજ સિંધી સમાજ માટે ઉજવનાર ચેટી ચાંદનો ઉત્સવ તથા લંગરનો કાર્યક્રમ રદ કરવામાં આવે છે. તા. ૨૫મી માર્ચના રોજ સવારે દસ વાગે જયોત પ્રગટાવવામાં આવશે. મંદિર બંધ ન થાય ત્યાં સુધી દર્શન-પ્રસાદી ચાલુ રહેશે તેમ પ્રમુખ નિર્મલ જે. સવાણીએ જણાવેલ છે.

સાંઈબાબા મંદિર સે-૩૦, ૧૯ અને ૨૬મી માર્ચે બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૮

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાન લઈને તા. ૧૯ અને ૨૬મી માર્ચના ગુરુવારના રોજ સેકટર-૩૦માં આવેલ સુવિખ્યાત સાંઈબાબા મદિર બંધ રહેશે. જેની ભાવિકો-દર્શનાર્થીએ નોંધ લેવા પ્રમુખ નિર્મલ જે. સવાણીએ જણાવેલ છે.

વણકર સમાજના લગ્નોત્સુક માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા વણકર જ્ઞાતિના તમામ ગોળ, પરગણાના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજાનાર છે. જેમાં પ્રથમ કે પુનઃલગ્ન, શારિરીક વિકલાંગ, વિધવા-વિધુર પણ ઉંમરના બાધ વગરના ઉમેદવારી નોંધાવી શકે છે. પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ગાંધીનગરના ભાઈ-બહેનોએ દશરથલાલ એમ. પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭, મો. ૯૫૭૯૧૨૨૦૨૩નો સંપર્ક કરી નિયત ફી સાથેના ફોર્મ ભરી તા. ૨૫ માર્ચ સુધી પહોંચાડવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. લાભશંકર પુરૂષોત્તમ વ્યાસ, ઉ.વ. ૯૫
- સ્વ. રામ સવારપાલ પાંચુપાલ, ઉ.વ. ૭૬